# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૩/૧૯-૨૦/૮૪૩૯–૨** **તા.૨૬–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૩/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **મીનાબેન શશીકાંતભાઈ ધાંજા** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે શશીકાંતભાઈ એલ. ધાંજા હાજર રહેલ છે. _.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શ્રી કે.બી.શાહ - **નાયબ ઇજનેર એસ.જી.સોજીત્રા તથા એસ.એ.રેવન્યુ સી.પી.ચાવડા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩ તરફથી હાજર રહેલ છે.**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૭-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર મીનાબેન શશીકાંતભાઈ ધાંજા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૩/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ગ્રાહક નં.–૩૦૬૦૮/૪૨૭૮૯/૬ થી ધરાવે છે. જેમા સોલાર રૂફટોપ સીસ્ટમ તા.૧૨–૦૧–૧૮ થી વપરાશ કરે છે, જેનો કરાર ૨૫ વર્ષ માટે કરેલ છે. તે મુજબ – પ્રતિ યુનીટ ના ભાવ રૂ.૩.૨૪ લેખે બીલ બનાવવાનુ હોય છે, તેને બદલે માહે માર્ચ–૧૯ થી સદર યુનીટ ના રૂ. ૨.૪૪ લેખે જમા આપેલ છે. જેથી, અરજદારે તફાવત ની રકમ વ્યાજ સાથે મેળવવા માટે – **અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મવડી રોડ સબડીવીઝનના અરજદાર શ્રી મીનાબેન શશીકાંતભાઈ ધાન્જા દ્વારા રૂફ્ટોપ સોલાર સિસ્ટમના વીજ વપરાશ બીલ માં રીફંડ બાબતે આપની સમક્ષ ફરિયાદ કરેલ છે. અરજદાર શ્રી ના સોલાર રૂફ્ટોપ નું જે એગ્રીમેન્ટ કરેલ છે તેમાં રૂ.૩.૨૪ લેખે ૧ યુનિટ ખરીદીનો ભાવ જે તે સમયે જણાવેલ છે ત્યારબાદ નું જી.યુ.વિ.એન.એલ. હેડ ઓફીસ દ્વારા સોલાર રૂફ્ટોપ ના દરેક ટેરીફ માં ફેરફાર કરીને મેં-૨૦૧૯ થી રૂ.૨.૪૪ પ્રતિ યુનિટ લેખે ખરીદવામાં આવેલ છે. જેની જાણ ગ્રાહક શ્રી ને મવડી સબડીવીઝન દ્વારા એમ.આર.એસ ડી./રેવ/૭૧૭૩ ૨૬.૧૧.૧૯ થી કરેલ છે જે પત્ર તેમજ સર્ક્યુલર ની નકલ અરજદાર ને ફોરમ ની જાણકારી હેઠળ અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે **મુદ્દા નં. ૩.૦ મુજબ ની વિગતે** – મવડી રોડ સબડિવિઝનના ગ્રાહક શ્રી **મીનાબેન શશીકાંતભાઈ ધાંજા ગામ -રાજકોટ**, ગ્રાહક નં.–૩૦૬૦૮/૪૨૭૮૯/૬(૨.૦ કી.વો.) ના જણાવ્યા મુજબ તેઓ તા.૧૨–૦૧–૧૮ થી સોલાર રૂફટોપ સીસ્ટમનો વપરાશ કરે છે, તા.૨૦.૧૧.૧૭ રોજ સોલાર લગાડવામાં આવેલ એગ્રીમેન્ટ કરેલ છે તેમાં રૂ.૩.૨૪ રૂપિયા લેખે થયેલ છે. પરંતુ, અરજદારને સદર યુનીટ ના ભાવ પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પત્ર નંબરઃ જીયુવીએનએલ/કોમ/આરઈ/૧૨૯૮ તા.૨૮–૧૨–૧૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – સદર ફરીયાદી અરજદાર ના વીજબીલમાં સોલાર સીસ્ટમના જમા થયેલ યુનીટના રૂ.૨.૪૪ લેખે ભાવ લગાડવામા આવેલ છે.

૪.૨ From available records, Forum committee has observed that one petition number 1770 / 2018 dated 27 November 2018 is filed before GERC “In the matter of petition under section 129 off the electricity act 2003 read with regulation 62 (b) of GERC (conduct of business) Regulation 2004 for seeking order through appropriate directions for securing compliances by the licensee which has contravened certain provisions contained in notification number 05 / 2016 GERC ( Net-metering Rooftop Solar PV Grid Interactive Systems) Regulation 2016 and that the net export of energy by the consumer to distribution grid during billing cycle, distribution licensee shall purchase surplus power, after giving set off against consumption during the billing period, at the APPC determined by the commission for the year in which the Rooftop Solar PV System is Commissioned over the life of the system and the other related issues”

૪.૩ According to GERC (CGRF and Ombudsman) Regulation 2019 notification number 2 of 2019, there are following limitations / preconditions for submission of grievances before CGRF. As per GERC Regulation 2019 notification number 2 of 2019, clause 2.33 (i) “ A complainant shall not be entitled to approach the forum in case where proceedings in respect of the same matter and between the same Complainant and the Licensee, are pending before any court, tribunal, arbitrator or any other authority, or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority”

૪.૪ As per above Para no. 4.3 appeal of appellant - is hereby dismissed.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |